સિન્ડિકેટની મિટિંગ | પરીક્ષામાં ચોરી અટકાવવા અગાઉ કડક નિર્ણય કરાયો હતો પરંતુ હવે તેને હળવો કરી દેવાયો

ચોરી ચાલુ જ રહે તેવા પ્રયાસ | પરીક્ષા કેન્દ્રમાં શું થાય છે તે હવે દરેક લોકો નહીં જોઈ શકે, યુનિવર્સિટી રૂબરૂ જવું પડશે!

તપાસ ચાલુ હશે તે અધિકારીને મહત્ત્વની જવાબદારી નહીં સોંપાય

એજ્યુકેશન રિપોર્ટર | રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુરુવારે સિન્ડિકેટની મિટિંગ મળી હતી જેમાં જુદા જુદા અનેક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી સૌથી મહત્ત્વનો મુદ્દો પરીક્ષા લાઈવ કરવા મુદ્દે હતો. યુનિવર્સિટીએ અગાઉ પરીક્ષા દરમિયાન થતી ચોરી અટકાવવા કેન્દ્રોમાં સીસીટીવી લાઈવ કરાવ્યા હતા અને દરેક લોકો જોઈ શકે તેવી વ્યવસ્થા કરી હતી પરંતુ હવે સિન્ડિકેટની બેઠકમાં નક્કી કરાયું હતું કે હવે દરેક લોકો પરીક્ષા કેન્દ્રમાં શું થઇ રહ્યું છે તે નહીં જોઈ શકે, તેને યુનિવર્સિટી આવવું પડશે, ત્યાંની સિસ્ટમમાં જોઈ શકશે. અન્ય મુદ્દાઓમાં અગાઉ ગુજરાતી ભવન દ્વારા યોજાયેલા કાવ્ય મહાકુંભ દરમિયાન આવેલા રૂ. 50 હજારના દાનનો સ્વીકાર કરાયો હતો પરંતુ અન્ય ગુપ્તદાનની રકમનો હિસાબ આપવા ઠરાવ કર્યો હતો.

સિન્ડિકેટની બેઠકમાં જે કોલેજોના ભાડા કરાર પૂર્ણ થઇ રહ્યા હોય તેનું લિસ્ટ બનાવીને આગામી સિન્ડિકેટની મિટિંગમાં મૂકવા નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત ફિઝિક્સ ભવનના પ્રોફેસરની સબેટિકલ લીવ ગણવા મુદ્દે થયેલી વિસંગતતા નિવારવા પણ કમિટીની રચના કરી છે જે 1 ઓક્ટોબર સુધીમાં રિપોર્ટ આપશે. યુનિવર્સિટી કે કોલેજોના કર્મચારીને મહત્ત્વની જવાબદારી સોંપવી નહીં, ફરજમાં બેદરકારી દાખવે અને તેના પરિણામે યુનિવર્સિટી સામે કેસ થાય તેવી પરિસ્થિતિમાં ડિસિપ્લિનરી એક્શન લેવા અને ખર્ચ પણ જે-તે કર્મચારી પાસેથી વસૂલવો તેવું નક્કી કરાયું હતું. આ ઉપરાંત નવી કોલેજની મંજૂરી મુદ્દે કોલેજે આપેલા ડોક્યુમેન્ટ અને એલઆઈસીના રિપોર્ટમાં વિસંગતતા જોવા મળતા હાલ દરખાસ્ત નામંજૂર કરી હતી.

અસામાજિક તત્ત્વો વિદ્યાર્થિનીઓને ટ્રેક કરતા હોવાનું કારણ આપી નિર્ણય બદલ્યો

યુનિવર્સિટીએ પરીક્ષાના સીસીટીવી લાઈવ કર્યા બાદ કેટલાક અસામાજિક તત્ત્વો વિદ્યાર્થી કઈ કોલેજમાં જાય છે, ક્યાં ક્લાસમાં છે, ક્યારે પરીક્ષા પૂરી થયા બાદ નીકળે છે તે પ્રકારનું ટ્રેકિંગ કરી રહ્યાં હોવાની ફરિયાદ મળતા હાલ દરેક લોકો માટે સીસીટીવી જોવાનું બંધ કરીને માત્ર યુનિવર્સિટી કેમ્પસમાં જ જોવાની વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું છે. પરંતુ અગાઉ કરેલા નિર્ણયથી વિદ્યાર્થીઓના માતા-પિતા ગામડે બેસીને પણ સંતાનો પર નજર રાખી શકતા હતા પરંતુ હવે યુનિવર્સિટીમાં જ સીસીટીવી જોવાનું નક્કી કરતા વાલી સહિતનાઓએ ગામડેથી યુનિવર્સિટી આવવું પડે તેવી સ્થિતિ છે.

પરીક્ષા ચોરીમાં કોલેજ સામે પગલાં લેવા કમિટી બનાવી, તેમાં સભ્યો પણ સિન્ડિકેટ!

પરીક્ષામાં ચોરી થાય તો વિદ્યાર્થીઓને તો સજા ફટકારવામાં આવતી હતી પરંતુ હવે કોલેજોની પણ જવાબદારી ફિક્સ કરવા દરખાસ્ત કરાઈ હતી પરંતુ ગુરુવારની સિન્ડિકેટની મિટિંગમાં આ મુદ્દે કોલેજો સામે શું પગલાં લેવા તેના માટે એક કમિટી બનાવાઈ છે, આ કમિટીમાં તમામ સિન્ડિકેટ સભ્યો જ છે. સિન્ડિકેટની બેઠકમાં તમામ સભ્ય હાજર જ હોય, સહમતીથી નિર્ણય કરવાને બદલે બીજી કમિટી બનાવી અને તે કમિટીમાં પણ તમામ સિન્ડિકેટ સભ્યોને જ નિયુક્ત કર્યા છે.

સિન્ડિકેટ સભ્ય ડો. આર્યએ કહ્યું, જમીન પર બેસીને મિટિંગ એટેન્ડ કરીશ

સિન્ડિકેટ સભ્ય ડો. [illegible] આર્યએ યુનિવર્સિટીના જુદા જુદા મુદ્દે પત્ર લખી રજૂઆતો કરી હતી પરંતુ તેનો યુનિવર્સિટી દ્વારા કોઈ જવાબ નહીં અપાતા ગુરુવારે સિન્ડિકેટની મિટિંગમાં ડો. આર્યએ કહ્યું હતું કે, સિન્ડિકેટ સભ્યની ગરિમા જળવાતી નથી તેથી આ મિટિંગ ખુરશી પર બેસવાને બદલે જમીન ઉપર બેસીને એટેન્ડ કરીશ. બાદમાં કુલપતિએ તમામ પત્રના જવાબ આપવા ખાતરી આપી હતી.

UG-PGના પરીક્ષા ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ

2016, 2017ના સેમ-3,5ના છાત્રોને લાભ

એજ્યુકેશન રિપોર્ટર | રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વર્ષ 2016માં એનરોલ થયેલા યુજીના સેમેસ્ટર 3 અને 5 તથા 2017માં એનરોલ થયેલા ત્રીજા સેમેસ્ટરમાં એક કે બે વિષયમાં ફેલ થયેલા વિદ્યાર્થીઓને પરીક્ષા આપી પાસ થવાની છેલ્લી તક આપવામાં આવી રહી છે. જેમાં ફોર્મ ભરવાનો આજે 30મી સપ્ટેમ્બરના રોજ છેલ્લો દિવસ છે. આ માટે યુનિવર્સિટીએ કરેલા પરિપત્રમાં જણાવાયું છે કે, જૂન - 2016માં એનરોલ થયેલ યુ.જી. સેમેસ્ટર - 5 અને સેમ - 3ના તેમજ જૂન - 2017માં એનરોલ થયેલ પીજી સેમ - 3માં એનરોલ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને પરીક્ષા માટેની એક તક આપવામાં આવી છે. જેના પરીક્ષા ફોર્મ રેગ્યુલર ફી સાથે તા. 30 સપ્ટેમ્બર સુધી કોલેજ કક્ષાએ ઓનલાઈન ભરી શકાશે.

આ ઉપરાંત 2016માં યુજીમાં એનરોલ થયેલા તેમજ 2017માં પીજીમાં એનરોલ થયેલા વિદ્યાર્થીઓના સેમેસ્ટર-1 માટેના પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 15 ઓક્ટોબર સુધીમાં કોલેજ કક્ષાએથી ઓનલાઈન ભરી શકાશે.

પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી થયા બાદ વિદ્યાર્થી દ્વારા રજૂ કરાયેલા પ્રિ-પ્રિન્ટેડ ફોર્મની નકલ ફી પેમેન્ટ સાથે પરીક્ષા વિભાગ - 1માં દિવસ -3માં રજૂ કરવાની રહેશે. આ પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ-સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. યુજી 2016ના તથા પીજી 2017ના છેલ્લી તક માટેના વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટીના સેમેસ્ટર 1, 3 અને 5ના રેગ્યુલર વિદ્યાર્થીઓની પરીક્ષા સાથે જ લેવામાં આવશે તેની અલગથી પરીક્ષા લેવાશે નહીં.

સરકારી ભરતીમાં ઉમેદવારોની ઉંમરમાં એક વર્ષની છૂટછાટ ઓગસ્ટ-2023 સુધી લંબાવાઈ

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

રાજ્ય સરકારે જાહેર પરીક્ષા આપનારા ઉમેદવારોની ઉંમર મર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપી હતી તેને ઓગસ્ટ-2023 સુધી લંબાવવામાં આવી છે. એટલે કે હવે 31 ઓગસ્ટ - 2023 સુધી જાહેર થનારી તમામ ભરતીમાં વિવિધ કેટેગરીમાં ઉમેદવારોની ઉંમરમાં એક વર્ષની છૂટછાટ યથાવત રહેશે. જેમાં બોર્ડ, કોર્પોરેશન, નિગમ તથા રાજ્ય સરકાર હેઠળના અન્ય સત્તા મંડળોને પણ આ નિયમ લાગુ થશે.

પીજી મેડિકલ-ડેન્ટલ માટે કુલ 3494 વિદ્યાર્થીએ ચોઈસ ફીલિંગ કરાવ્યું

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

પીજી મેડિકલ, ડેન્ટલની 2000થી વધુ બેઠકોની પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલિંગ કાર્યવાહીમાં કુલ 3494 વિદ્યાર્થીઓએ ચોઈસ ફીલિંગ કરાવ્યું છે. જે પૈકીના 1790 વિદ્યાર્થીઓએ ગુરુવારે ચોઈસ ફીલિંગ કરાવ્યું છે. જ્યારે પીજી મેડિકલ માટેના ચોઈસ ફીલિંગની લાસ્ટ ડેટ બીજી ઓક્ટોબર, બપોરે ત્રણ સુધીની છે.

રાજ્ય સરકારે પીજી મેડિકલ, ડેન્ટલ સહિતની બેઠકો પર પ્રવેશ માટેના પ્રોવિઝનલ મેરીટ લિસ્ટની જાહેરાત કરવામાં આવી છે. તે પછીથી પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલિંગ સહિતના વિસ્તૃત કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. પ્રવેશ કાર્યવાહીને લગતી કોઈ પણ બાબતોની જાણકારી માટે પ્રવેશ કમિટીની વેબસાઈટની ચકાસણી કરતા રહેવા માટે જણાવાયું છે.

પ્રવેશની વધુ એક તક | 111 ખાનગી કોલેજની 23000 સીટ જે તે કોલેજને ભરવા માટે આપી દેવાશે

ACPC સરકારી-અનુદાનિત ડિગ્રી ઈજનેરીની 19 કોલેજની 12,000 બેઠક પર પ્રવેશ કાર્યવાહી કરશે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

એસીપીસીએ ડીગ્રી ઈજનેરીના બીજા રાઉન્ડના એલોટમેન્ટમાં 135 ડીગ્રી ઈજનેરીની 53438 સીટ પર 17640 વિદ્યાર્થીઓને એલોટમેન્ટ કર્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને હજી મનપસંદ સંસ્થામાં પ્રવેશની વધુ એક તક મળી રહે તે માટે 19 સરકારી-અનુદાનિત ડીગ્રી ઈજનેરીની 12,000 બેઠકો પરની ત્રીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી આ વર્ષે પણ પ્રવેશ કમિટી જ હાથ ધરશે. જ્યારે 111 જેટલી સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી ઈજનેરી કોલેજોની 23,000 સીટો પરની પ્રવેશ કાર્યવાહી જે તે કોલેજોને ભરવા માટે આપી દેવામાં આવશે તેવી વિગતો મળી છે. જે વિદ્યાર્થીઓને સેકન્ડ રાઉન્ડ માટેનું એલોટમેન્ટ કર્યું છે, તે વિદ્યાર્થીઓ ત્રીજી ઓક્ટોબર સુધીમાં લોગઈનમાંથી જરૂરી ટોકન ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે.

મેરિટ મુજબ સરકારી-અનુદાનિત કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ અપાય

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે સરકાર અને ટેકનિકલ શિક્ષણ વિભાગની ગાઈડ લાઈન છે કે એસીપીસીનામેરીટ મુજબ વિદ્યાર્થીઓને સરકારી-અનુદાનિત કે સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રવેશ અપાય. આ બાબતને કેન્દ્રમાં રાખીને ડીગ્રી ઈજનેરીનો બીજો રાઉન્ડ પૂર્ણ કરાયા બાદ ત્રીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી એસીપીસી દ્વારા સરકારી-અનુદાનિત કોલેજોની બેઠકો પરની પ્રવેશ કાર્યવાહી કરવાની થાય છે. જ્યારે સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી ઈજનેરી કોલેજોની પ્રવેશ કાર્યવાહી જે તે કોલેજ કક્ષાએ હાથ ધરવા માટે જણાવાય છે.

સીટ એલોટમેન્ટની વિગતો

સંસ્થા	બેઠકોની ટકાવારી	30	25થી 50ટકા
13	75થી 100 ટકા	18	10થી 25 ટકા
17	50થી 75 ટકા	55	0થી 10 ટકા

બીજા રાઉન્ડના સીટ એલોટમેન્ટની વિગતો

સંસ્થા	બેઠકો	પ્રવેશની વિગતો
સરકારી-અનુદાનિત	11411	6760
સ્વનિર્ભર	38810	14748

ઈંગ્લિશ ટીચર્સ એસો. દ્વારા રવિવારે નાટકનું આયોજન

ગાંધી મ્યુઝિયમમાં નાટક રજૂ કરવામાં આવશે

એજ્યુકેશન રિપોર્ટર | રાજકોટ

ઈંગ્લિશ લેન્ગ્વેજ ટીચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા સમાજ માટે તથા અંગ્રેજી ભાષાના શિક્ષણ માટે કાર્યરત રહેવાના અનુસંધાને ગાંધી જયંતીને એક નવી જ રીતે ઉજવવા જઈ રહ્યું છે. સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજી વચ્ચેના સંવાદની નાટ્યાત્મક અભિવ્યક્તિ કરવામાં આવશે જેમાં મનીષ પારેખ સ્વામી વિવેકાનંદનું પાત્ર અને પ્રાધ્યાપક ભિજ યાજ્ઞિક મહાત્મા ગાંધીનું ભજવશે. આ ઉપરાંત પલ્લવી પારેખ, શ્રેયા સોલંકી અને ઈમરાન ખાન દ્વારા ગાંધી વિચાર પર પ્રેઝન્ટેશન આપશે. એક નવા જ પ્રયોગના ભાગ રૂપે ગાંધીજીના સત્યના પ્રયોગોને ધ્યાનમાં લઈને ક્વેશ્ચન રાઉન્ડ બનાવવામાં આવશે. આ કાર્યક્રમ રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી ગાંધી મ્યુઝિયમમાં ગાંધી જયંતીના દિવસે આયોજિત થશે. કાર્યક્રમમાં શહેરની કોલેજોના પ્રોફેસરો ઉપસ્થિત રહેશે અને મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદ પર આધારિત નાટક ભજવાશે.

લાભુભાઈ ત્રિવેદી કોલેજમાં એક્સપર્ટ ટોક યોજાઈ

રાજકોટ | લાભુભાઈ ત્રિવેદી એન્જિનિયરિંગ કોલેજમાં મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા બેઝિક ઓફ ફ્યુઝન એનર્જી અને યુઝ ઓફ ક્રાયોજેનિક સિસ્ટમ ઇન ITER પ્રોજેક્ટ ઉપર ઓનલાઈન એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિક પટેલે ફ્યુઝન એનર્જી અને યુઝ ઓફ ક્રાયોજેનિક સિસ્ટમ પર વિદ્યાર્થીઓને મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

The Brihanmumbai Electric Supply & Transport Undertaking
(OF THE BRIHANMUMBAI MAHANAGARPALIKA)
નિવિદા સૂચના
નીચેની વસ્તુઓની આપૂર્તિ માટે 'ઈ' નિવિદાઓ આમંત્રિત કરવામાં આવે છે.
(૧) [illegible] (૨) [illegible] (એડીએમએસ) [illegible]
પુનઃઆમંત્રિત 'ઈ' નિવિદાઓ
(3) 74682, (4) 74639, (5) 74710.
નોંધ: વધુ વર્ણન માટે વેબસાઈટ https://mahatenders.gov.in પર લોગઓન કરો.
[illegible]

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ- વડોદરા-390007
PBX : (0265) 2310582-86, Web : www.guvnl.com
જાહેર સૂચના
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ (GERC) સમક્ષ, [illegible] Secretary, Gujarat Electricity Regulatory Commission, 6 th Floor, GIFT ONE, Road 5C, Zone 5, GIFT City, Gandhinagar - 382 355 [illegible] www.guvnl.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
તા: 30-09-2022 [illegible] (RE & IPP)

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકારનું ઉપક્રમ)
[illegible]
[illegible] ખાતે ઔદ્યોગિક હેતુ માટે ડીમાન્ડ સર્વે
[illegible] (www.gidc.gujarat.gov.in) [illegible]
તા. ૨૯.૦૯.૨૦૨૨
ગાંધીનગર
માહિતી/૧૧૪૮/૨૨-૨૩
મેનેજર (જ/વ્ય)
[illegible], ગાંધીનગર

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી
[illegible]
સ્વ. ઉષાબા કિરીટસિંહ જાડેજા
સ્વ. તા. 30-06-2017

દિવ્ય ભાસ્કર માં
બેસણું અને શ્રદ્ધાંજલિ
હવે ઘેરબેઠાં એક ક્લિક અથવા ફોન પર બુક કરો
મુલાકાત લો BhaskarAd.com
ફોન 9772019222
E mail: support.bhaskarad@dbcorp.in



બેસણું
[illegible] સ્વ. લતાબેન [illegible] તારીખ ૨૫-૯-૨૦૨૨ ના રોજ [illegible] કૈલાસવાસી થયેલ છે.
સદ્ગતનું બેસણું : તા. ૧-૧૦-૨૦૨૨ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે આશુતોષ મહાદેવ મંદિર, [illegible] રાજકોટ ખાતે રાખેલ છે.
મો : [illegible]
સ્વ. લતાબેન
અશ્વિનભાઈ વ્યાસ
સ્વ.તા : ૨૫-૯-૨૦૨૨



દુ:ખદ અવસાન - બેસણું
[illegible]
હીરાબેન નારણદાસ અંજારીયા (ઉ.૭૫)
[illegible]
॥ સદ્ગતનું બેસણું ॥
તા. ૩૦/૦૯/૨૦૨૨ શુક્રવારે સાંજે ૪ થી ૬ [illegible]
કિરણબેન - શીતલબેન (પુત્રી)
કમલેશભાઈ અંજારીયા (ભત્રીજો)
હિરેનભાઈ જોષી (જમાઈ)
કુનાલ - ક્રિશીવ - દેવ (દોહિત્રા)
ક્રિશીવ શર્મા - રાજકોટ

સાતમી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી
સ્વ.રવિ
નરેન્દ્રભાઈ સોરઠીયા
સ્વ.તા.૩૦/૯/૨૦૧૫
ભાદરવા વદ-૩ને બુધવાર
[illegible] પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
નરેન્દ્રભાઈ સોરઠીયા (પિતા) - જયોતિબેન નરેન્દ્રભાઈ સોરઠીયા (માતા)
મીત નરેન્દ્રભાઈ સોરઠીયા (ભાઈ)
[illegible] (બહેન) - [illegible] (બનેવી)
• જાનકી ટ્રાવેલ્સ • જાનકી [illegible]

અક્ષર વાસ
અ.નિ. રંજનબેન
પરમાનંદભાઈ કક્કડ
તા. ૨૯-૯-૨૦૨૨
રાજકોટ (ઉં.વ.૭૫) તે શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી પ્રકાશભાઈ તથા રેખાબેનના ભાભી તેમજ શ્રી પ્રશાંતભાઈ (ઘનશ્યામ), શ્રી યોગેશભાઈના માતુશ્રી તથા દર્શિની અને હર્ષિતાના સાસુ જે સ્વ. ધીરજલાલ દામજીભાઈ અનડકટના સુપુત્રી તા. ૨૯-૯-૨૦૨૨ ના અક્ષરવાસ થયેલ છે.
પ્રાર્થના સભા: શુક્રવાર તા. ૩૦-૯-૨૦૨૨ ના યોગી સભાગૃહ, BAPS સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ ઉપર સાંજે ૫-૦૦ થી ૬-૦૦ દરમ્યાન રાખેલ છે. પિયર પક્ષની પણ પ્રાર્થના સભા સાથે રાખેલ છે.
પરમાનંદભાઈ કક્કડ ૯૯૯૮૮ ૧૭૩૦૯
પ્રશાંતભાઈ કક્કડ (ઘનશ્યામ) ૯૪૨૭૨ ૫૨૯૫૧



નવમી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી
સ્વ. વસ્તાભાઈ (બાબુભાઈ)
માંડણભાઈ ધ્રાંગા
સ્વ. તા. 30/09/2013
મું. માણાવદર
આપના ઉત્તમજીવન મુલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ, ઉદારદિલ, પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ગં.સ્વ. લક્ષ્મીબેન વસ્તાભાઈ ધ્રાંગા
ધર્મેશભાઈ વસ્તાભાઈ ધ્રાંગા
યોગેશભાઈ વસ્તાભાઈ ધ્રાંગા
ધ્રાંગા પરિવારના જયશ્રી કૃષ્ણ



૨૭ વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી
સ્વ. મહેશચંદ્ર
ભુપતલાલ સેજપાલ
([illegible] સેજપાલ પરિવાર - [illegible])
[illegible]
આપનુ અસ્તિત્વ અમારી પ્રેરણા હતી, આપની સ્નેહ, સદ્ભાવ, સંસ્કારિતા, ધાર્મિકતા, પરિવાર ભાવના અને વાત્સલ્ય સભર હતી આપની જીવનયાત્રા, માયાળુ વ્યક્તિત્વની તેજોમય જ્યોતને સત્ સત્ વંદન.....
ગં.સ્વ. મનીષાબેન મહેશચંદ્ર સેજપાલ
[illegible]
સ્વ. ઉર્વશીબેન [illegible] (પુત્રી)
[illegible] - રાજકોટ

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલિ
સ્વ. સ્મિતાબેન
વસંતરાય ઉપાધ્યાય
સ્વ. તા.૩૦-૯-૨૦૨૦
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.
ડૉ. વસંતરાય [illegible] ઉપાધ્યાય
[illegible]
[illegible] - જામનગર